| | |
|---|---|
| રજૂ તારીખ :– | ૨૮.૦૧.૨૦૨૬ |
| દાખલ તારીખ:– | ૨૮.૦૧.૨૦૨૬ |
| જજમેન્ટ તારીખ:– | ૨૩–૦૪–૨૦૨૬ |
| આંક:– | ૧૦ |

सत्यमेव जयते

**FORM-A**

---

**ખંભાળીયાના એડી. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ખંભાળીયા.**

---

**ક્રીમીનલ કેસ નં. ૨૮૩/૨૦૨૬**

| **એફ.આઈ.આર.ની વિતગો/ગુનો અને પોલીસ સ્ટેશન.** | |
|---|---|
| પોલીસ સ્ટેશન : | ખંભાળીયા પોલીસ સ્ટેશન |
| ગુનો : | જુગાર ધારા કલમ–૧૨(અ) |
| તહોમતનામા મુજબ તહોમત : | જુગાર ધારા કલમ–૧૨(અ) |
| ફરિયાદી: | શ્રી સરકાર |
| વિ.એ.પી.પી.શ્રી : | શ્રી એ.બી.પરમાર |
| આરોપી/આરોપીઓ : | (૧) ધીરજલાલ ઉર્ફે ગબ્બર નાનજીભાઈ પાઉ, રહે. ખંભાળીયા, |
| આરોપી તરફે વિ.વ.શ્રી: | ડી.વી. કાનાબાર. |

**FORM-B**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ : | ૨૯.૦૯.૨૦૨૫ |
| ફરિયાદની તારીખ : | ૨૯.૦૯.૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ : | ૦૮.૦૧.૨૦૨૬ |
| તહોમત ફરમાવ્યા તારીખ : | ૦૭.૦૪.૨૦૨૬ |
| ચુકાદા તારીખ : | ૨૩.૦૪.૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવેલ છે. |

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં | કયાં ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા છે કે | શું સજા કરી ? | ક્રિ.પ્રો.કો. કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | આવેલ હોય તો તેની વિગત | | કસુરવાર ? | | પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
| ૧. | (૧) ધીરજલાલ ઉર્ફે ગબ્બર નાનજીભાઈ પાઉ, રહે. ખંભાળીયા, | – | – | જુગારધાર કલમ–૧૨(અ) મુજબ | શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે. | – | – |

**FORM-C**

## ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ

### (એ) ફરિયાદપક્ષ તરફે

**ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવા :**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ સબીરભાઈ ઓસમાણ ભાઈ ભટ્ટીની જુબાની. | ૦૮ |
| ૨ | ફરિયાદી અરજણ ભાઈ રાયદેભાઈ આંબલીયાની જુબાની. | ૦૬ |

### (બી) બચાવપક્ષે જો સાહેદ હોય તો,

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

### (સી) કોર્ટ સાહેદ જો હોય તો,

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**ફરિયાદ પક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૦૭ |
| ૨ | પંચનામું | ૦૯ |

**બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો :–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**મુદ્દામાલની વિગત**

| અ.નં. | વિગત |
|---|---|
| **૧** | **રોકડ રૂ.૩૦૦/–** |

**–: JUDGEMENT :–**

**૧.** ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, જુગાર ધારા કલમ–૧૨(અ) મુજબનો ગુનો કરેલ છે, જે મતલબની ફરિયાદ ફરિયાદીએ આ કામના આરોપીઓ વિરૂધ્ધ **જુગારધારા** અંગેનો ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે તપાસ કરી, તપાસના અં તે, આ કામના આરોપીઓ વિરુધ્ધ જુગાર ધારા કલમ–૧૨ મુજબના શિક્ષા ને પાત્ર ગુનાનું આંક–૦૧ વાળું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

૨. પોલીસ અહેવાલ રજુ થતાં, આરોપીઓ વિરૂધ્ધ જુગાર ધારા કલમ–૧૨ મુજબના ગુન્હા અંગેનું સંજ્ઞાન લઈ, **કલમ–૨૨૭** અન્વયે સમન્સ કરતા, હાજર થતાં, **કલમ–૨૩૦** મુજબ પોલીસ અહેવાલ તથા અન્ય દસ્તાવેજોની નકલ મળી ગયા અંગેની ખાત્રી કર્યા બાદ, **આંક–૦૫ થી આરોપીનો જવાબ** નોંધવામાં આવેલ. **કલમ– ૨૬૫** મુજબ ફરીયાદ પક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

૩. ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

૪. ફરીયાદ પક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીએ મૌખિક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરતા ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ પડેલ પુરાવા ઉપરથી આ કામના આરોપીઓનું બી.એન.એસ.એસની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓ ફરીયાદપક્ષના પુરાવાને નકારી કાઢી બચાવના સાક્ષી તપાસેલા નથી કે જાતે સોગંદ પર પુરાવો આપેલ નથી અને વિશેષમાં તેઓ નિર્દોષ હોવાનું અને ખોટી રીતે સંડોવી દઈ ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે.

૫. સદર કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલા દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવા,ફરિયાદ પક્ષના કેસની હકીકતો, કાયદાકીય જોગવાઈઓ વગેરે ધ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દા :–**

(૧) શું ફરિયાદ પક્ષ એ નિ:શંકપણે પુરવાર કરે છે કે, **તા. ૨૯.૦૯.૨૦૨૫** ના રોજ **કલાક ૧૩:૨૦** વાગ્યે આ કામના આરોપીએ જાહેરમાં વર્લી મટકાના આંકડા લખી ચિઠ્ઠી નંગ–૦૧ તથા રોકડ રૂા.૩૦૦/– ના મુદ્દામાલ સાથે પકડાઈ જઈ જુગાર ધારા કલમ–૧૨(અ) મુજબનો ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

૬. ઉપરોકત મુદ્દાઓના મારા જવાબો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**–: <u>નિર્ણય માટેના કારણો</u> :–**

૬.૧ આ કામે વર્તમાન આરોપીઓ વિરૂધ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષે આરોપીઓ સામેનો કેસ નિ:શકાપણ પુરવાર કરવાનો રહે છે અને જયા સુધી આરોપીઓ સામેનો ગુનો સાબીત ન થાય ત્યા સુધી તે નિર્દોષ છે તે રીતેનુ અનુમાન કરવાનુ રહે છે, વધુમાં ફરીયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબીત કરવા માંગતા હોય તે ફરીયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પરે સાબીત કરવાના રહે છે.

૬.૨ આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામે **આંક–૦૬** થી ફરીયાદીની જુબાની થયેલ છે, જેમાં તેઓ **આંક–૦૭** વાળી ફરીયાદને સમર્થનકારી જુબાની આપે છે. સદર સાહેદની ઉલટ તપાસ જોતા જણાવે છે કે, ''એ વાત ખરી છે કે, પેટ્રોલીંગમા નીકળેલા તેની સ્ટે.ડા.મા નોંધ કરેલ નથી. એ વાત ખરી છે કે, બાતમી અંગેનુ કોઈ પ્રાથમીક પંચનામુ કરેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે ત્યાં ઘણાબધા દુકાનો તથા મકાનો આવેલા છે તથા ત્યાં માણસોની અવર જવર ચાલુ હોય છે. એ વાત ખરી છે કે, પેટ્રોલીંગવાળા ખાનગી વાહનની કોઈ વીગત ફરીયાદમા દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે, સામાન્ય રીતે ભારતીય ચલણી નોટો, બોલપેન તથા કાગળ દરેક નાગરીક પાસે હોય છે. એ વાત ખરી છે કે, બોલપેન બજારમા સહેલાઈથી મળી શકે. એ વાત ખરી નથી કે આરોપી આવો કોઈ જુગાર રમતા કે કહેવાતા મુદ્દામાલ સાથે મળી આવેલ ન હોવા છતાં કામગીરી બતાવવા ખોટી ફરીયાદી આપી, આજરોજ સોગંદ પર ખોટી જુબાની આપુ છું.''

૬.3 સબબ કામે ફરીયાદ પક્ષના પંચ સાહેદને આંક–૦૮ થી તપાસેલ છે. સદર પંચ સાહેદ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવે છે કે, તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહીઓ કરેલી. તે સિવાય પંચનામાની હકીકત તેઓ જાણતા નથી, વળી પંચોએ સ્વીકાર રાખેલ છે કે, સહી કર્યા સિવાય તેઓ કશુ જાણતા નથી અને તથી સદર પંચનામાની હકીકત માની શકાય નહી, કેમ કે, સદર પંચનામું શાનુ છે તે પણ સદર પંચ સાહેદોને ખબર ન હતી. તેઓની પંચનામામાં સહી લેવામાં આવેલ. આમ, ફરીયાદ પક્ષ કહેવાતું પંચનામું સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી આ કામનું પંચનામું માની શકાય નહી.

૬.૪ આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાનુ મુલ્યાંકન કરતા આ કામે બનાવ સમયે હાલના આરોપીઓએ જાહેરમાં જુગાર રમતા હતાનો આક્ષેપ છે જે કામે તપાસવામાં આવેલ પંચ સાહેદે પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી અને તેઓએ માત્ર તૈયાર પંચનામાંમા સહી કરેલ તેમ જણાવેલ છે. વધુમાં ફરીયાદીની ફરીયાદ જોતા તેમાં કોઈ જગ્યાએ પંચોના નામ જણાવેલ નથી. વધુમાં આ કામે ફરીયાદપક્ષના પુરાવાને લક્ષમાં લેતા, ઝડતીવાળી જગ્યા **જાહેર** વિસ્તારમાં આવેલ હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. પંચોના નામ ફરીયાદમાં જણાવેલ ન હોય જેથી ગુન્હો કરેલ હોવાની હકીકત સંબધે શંકા ઉત્પન્ન થાય છે.

સદર કામે ફરીયાદ પક્ષની હકીકત મુજબ તપાસ મુજબ રેઈડ દરમ્યાન ફરીયાદીએ ચાર્જશીટ સાથે ગુનામા વપરાયેલ જુગારનુ જે સાહીત્યનો ઉપયોગ કરીને ગુન્હો કરવામા આવેલ છે તે બજારમા સહેલાઈથી મળી શકે તેવુ છે તેમજ આ કામે જે ફરીયાદીનો પુરાવો રજુ થયેલ છે તે પોલીસ સાહેદ છે પરંતુ ફરીયાદના પુરાવા ને જયા સુધી તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન ન મળે ત્યા સુધી તેના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી. અને આ કામે તપાસેલ પંચ સાહેદ તટસ્થ પંચ સાહેદ છે. તેમ છતાં તેઓ

એ આરોપી પાસેથી બનાવની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી જે હકીકત ધ્યાને લેતા પણ ફરીયાદીના પુરાવા ને જ્યાં સુધી તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન ન મળે ત્યા સુધી તેના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી તેમજ ફરીયાદીની જુબાનીને સ્વતંત્ર સાહેદ કે પંચ સાહેદનું સમર્થન મળેલ નથી. તે સંજોગોમાં આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ, ઉપરોકત હકીકત અને ચર્ચાને ધ્યાનમાં લઈ ફરીયાદપક્ષ આરોપીઓ સામે નો કેસ નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ છે તેવા નિર્ણય ઉપર આવી મુદ્દા નં.(૧)નો જવાબ **નકારમાં** આપી, મુદ્દા નં. (૨) પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુ ક મ ::–

(૧) આ કામના આરોપી (૧) ધીરજલાલ ઉર્ફે ગબ્બર નાનજીભાઈ પાઉ, રહે. ખંભાળીયા, તા. ખંભાળીયા જી. દેવભૂમિ ઘ્વારકા નાઓને બી.એન.એસ.એસની કલમ–૨૭૮(૧) હેઠળ જુગારધારા કલમ–૧૨(અ) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા માં થી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) કબ્જે લીધેલ રોકડ રકમને રાજયસાત કરવાનો તથા જો અન્ય કોઈ મુદામાલ કબ્જે લીધેલ હોય, તો તે અન્વયે જો વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય, તો તે કાયમ રાખવામાં આવે છે, જો કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો દીન–૩૦ માં યોગ્ય આધાર પુરાવા રજુ કરી પો.સ્ટે. માંથી છોડવી લેવા હુકમ કરવામાં આવે છે. જો સમય મર્યાદામાં મુદ્દામાલ પરત મેળવવા કાર્યવાહી ન થાય તો ક્રીમીનલ મેન્યુઅલ મુજબ તે સમય પુરો થયેથી મુદ્દામાલનું વેચાણ કરી મળી આવતી રકમ રાજય સાત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) બી.એન.એસ.એસની કલમ–૪૮૧ અન્વયે આરોપીએ અપીલ સમય થતાં સુધીના રૂા.૫,૦૦૦/– અંકે રૂપિયા પાંચ હજાર પુરાના જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તા.૨૩, માહે–એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૩/૦૪/૨૦૨૬
મુ.ખંભાળીયા

**(ધ્રુવરાજસિંહ બી.ચૌહાન)**
એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ખંભાળીયા
**JUDGE CODE 01732**